सत्यमेव जयते

કેસ દાખલ તારીખઃ
રજી.થયા તારીખઃ
ફેસલ કર્યા તારીખઃ 14–09–2019
સમય ગાળોઃવર્ષ ... માસ .... દિવસ ....

| અમદાવાદના મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબરઃ૦૯માં.,મુ.અમદાવાદ |
|---|

ફો.કે.નંબરઃ
આંક–.....

ફરીયાદીઃ– શ્રી સરકાર.

વિરૂધ્ધ.

આરોપીઃ–

---

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી કે.વી. ઉપાધ્યાય.
આરોપી તરફે વિ.વ. શ્રી

---

ગુનો : ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૮૫–૧

---

–ઃ જ જ મે ન્ટ ઃ–

૧. ફરિયાદપક્ષનાં કેસની ટુકમાં હકિકત એવી છે કે, આરોપી જાહેર માં દારુ પીઘેલ હાલતમાં મળી આવેલ જે અન્વયે આરોપી સામે તપાસ કરનાર અમલદાર ઘ્વારા ચાર્જસીટ કરવામાં આવેલ .

૨. આમ સદર કામે આરોપી હાજર થતાં આરોપી સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આરોપી નો જવાબ નોઘવામાં આવેલ જે અન્વયે આરોપી ઘ્વારા સદરહુ

ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનું તથા ગરીબ, કુટુંબ–કબીલાવાળા માણસ હોવાનું જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે. અને આરોપી ધ્વારા જણાવવામાં આવેલ છેકે '' હવે થી હું દારુ કે અન્ય કેફી પદાર્થ નહિં પીવું તેમજ જાહેર સ્થળ પર કે અન્ય સ્થળ પર ફરી આ મુજબ નો ગુનો હું નહિં કરું , અને તે ખાત્રી આપુ છું, વધુ માં જણાવે છેકે અગાઉ મે આ મુજબ ના ગુના માં સંડોવાયેલ નથી તેમજ અગાઉ મને આ મુજબ ના ગુના માં સજા કરવામાં આવેલ નથી

૩. વધુ માં આરોપીને સજા અંગેની જોગવાઈની સમજ આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુન્હો કબુલ કરતા હોય, આરોપીની કબુલાત સ્વૈચ્છિક જણાઈ આવે છે. તેમજ સદર કામે આરોપી સામે નો કેસ એ નવા પ્રોહીબીશન એકટ અન્વયે નો છે, તે ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ જી.એલ.આર. પાના નં. ૭૦૯ ઉપર પ્રકાશિત ચૂકાદાના માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા, આરોપી ને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે. વધુ મા સદર કાયદા અન્વયે કલમ ૮૫ ધ્યાને લેતા વધુ માં વધુ સજા ૩ વર્ષ સુધી ની ઠરાવવામાં આવેલ છે પરંતુ હાલ ના પ્રસ્તુત કેસ માં આરોપી નો પ્રથમ ગુનો હોય તે અન્વયે આરોપી ને નિયત કરવામાં આવેલ સજા કરતા ઓછી સજા કરવી એ કેસ ના ખાસ સંજોગો ધ્યાને લેતા યોગ્ય જણાય આવે છે વધુ માં હાલ ના તબકકે નોધ લેવાની થાય કે આ મુજબ ના ગુનો ફરી થી આરોપી ન કરે તે માટે આરોપી નો નિયત સમય માટે ના જામીન તેમજ જાત મુચરકો રજુ કરવા હુકમ કરવાનો ન્યાયોચીત જણાય છે જે અન્વયે હાલ ના તબકકે ગુજરાત નશા બંધી કાયદો ૨૦૧૭ ની કલમ ૯૧ મુજબ નો પણ હુકમ કરવો ન્યાયોચીત જણાય આવે છે.

૪. આમ આ સંજોગો મા સદર કામે આરોપી ને નિયત કરવામાં આવેલ સજા કરતા ઓછી સજા કરવી ન્યાયોચીત જણાય આવે છે તેમજ આરોપીને સુધરવાની તક મળ

` તે હેતુથી અને કેસના સંજોગોને ધ્યાનમાં લઈ આરોપી ને કોર્ટ ઉઠતા સુધી ની સજા કરવી તેમજ આરોપી ને દંડ કરવો તેમજ કલમ ૯૧ મુજબ ના જામીન તેમજ જાતમુચરકા લેવા ન્યાયોચીત જણાય આવે છે ,જેના અનુસધાને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

–:: **<u>હુ ક મ</u>** ::–

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ: ૨૪૧ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૬(૧)(બી) ,૮૫(૧) મુજબના ગુન્હામાં દોષીત ઠરાવી, સદરહુ ગુન્હો કરવા બદલ મજકૂર આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૫૦૦/–** અંકે રૂપિયા પાંચસો **પુરા** દંડ ફરમાવવામાં આવે છે, જો દંડ ન ભરે તો તેને દિવસ પાંચ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

૨. આરોપી ને આદેશ કરવામાં આવે છેકે ગુજરાત નશા બંધી કાયદો ૨૦૧૭ ની જોગવાઈ મુજબ સજા થઈ શકે તેમ હોય તેવો કોઈ પણ ગુનો કરશે નહિ તે બાબત નો ગુજરાત નશા બંધી કાયદો ૨૦૧૭ કલમ ૯૧ મુજબ છ માસ ના સમય માટે ના જામીન તેમજ જાતમુચરકા રજુ કરવા.

૩. ટ્રાયલ દરમ્યાન આપવામાં આવેલ જામીન તેમજ જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવા નો હુકમ કરવામાં આવે છે

**આ હુકમ આજરોજ મેજિસ્ટ્રેટ તરીકેની સ્પેશ્યલ સીટીંગ અન્વયે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

અમદાવાદ

તા. ૧૪/૯/૧૯

(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,અમદાવાદ
કોર્ટ નંબર ૯, Unique Code No. GJOO854.